તા.૧૭/૧૨/૨૦૧૬

# મોબાઈલ ચોરતી ગેંગના બે પકડાયા

સુરતઃ કાપોદ્રામાં તાપી બ્રિજ પાસે ભરવાડની ચાલમાં રહેતા શિવાજીસિંહ જયપત્તરસિંહ (ઉ.વ.૪૨, મૂળ ગોંડા, યુપી) ડાઈંગ મિલમાં નોકરી કરે છે. ગત તા.૧૩મીએ રાત્રે તેઓ વસ્તાદેવડી રોડ પર મહારાજા હોટલ પાસેથી પસાર થતા હતા ત્યારે એક બાઈક (નં.જીજે૫ એલસી ૮૦૬૭) પર આવેલા બે યુવકો તેમના તરફ ધસી આવ્યા હતા. બાઈક સવાર આ યુવકો શિવાજીસિંહ પાસેથી મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. આ અંગે મહિધરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. દરમિયાન સર્વેલન્સ સ્ટાફની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે જમાદાર ભરત કટારાને મળેલી બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવી વસ્તાદેવડી રોડ પરથી જેનિસ શૈલેષ પવાર (ઉ.વ.૨૨, રહે- પરસોત્તમનગર, વેડરોડ) અને શ્રીકૃષ્ણ ઉર્ફે પપ્પુ જ્ઞાનેશ્વર શિવનકર (ઉ.વ.૨૪, રહે- કોસાડ આવાસ) પકડી પાડ્યા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે આ ટોળકી મોબાઈલ સ્નેચિંગ કરવામાં માહેર છે. ભીડભાડ કે બજાર વિસ્તારમાં તથા ચાલું ગાડીએ મોબાઈલ પર વાત કરનારાઓના મોબાઈલ તફડાવી લે છે. પકડાયેલા બંને ગેંગના મુખ્ય સાગરીતો છે.